# Navratri Celebrations

# 2026 - 27

**Managed by Arya Kanya Vidyalaya Trust**

**Gurukul Mahila Arts and Commerce College**

**At &Post:Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, BokhiraVistaar, PORBANDAR– 360579 GUJ INDIA**

**Re-Accredited 'B++' (CGPA 2.99) by NAAC**

**Phone: +91 286 2245561|+91 9374129126**



ARS Nagar





ARS Nagar





ARS Nagar





ARS Nagar





ARS Nagar





ARSNagar





ARS Nagar



ARS Nagar





ARS Nagar





ARS Nagar



ARS Nagar





ARS Nagar

## Press – note

Gurukul Mahila Arts and Commerce College celebrated Navratri with great enthusiasm, highlighting Indian culture and traditions and promoting the spirit of unity among students. The celebration aimed to preserve and promote cultural heritage through music, dance, and traditional festivities.

The event was organised under the guidance of Principal Dr. Anupam Nagar, Vice-Principal Prof. Rohiniba Jadeja, and the college's faculty members responsible for music, dance, and other cultural activities. Students participated enthusiastically in the celebrations.

The programme began with the traditional invocation and welcome ceremony. Dr. Shantiben Modhwadia welcomed the gathering. Students dressed in traditional attire participated in the festivities, creating a vibrant and festive atmosphere. The celebration featured Garba and Raas performances, through which students expressed their devotion and celebrated Gujarat's rich cultural heritage.

### Best Player and Best Attire Competitions

As part of the Navratri celebrations, the college organised Best Player and Best Attire competitions. Students displayed their enthusiasm, talent, and creativity through their performances and traditional costumes.

The winners were felicitated with certificates and mementoes in recognition of their achievements. The competitions encouraged students to participate actively and helped promote cultural awareness and healthy competition.

### A Message of Cultural Preservation and Cooperation

Prof. Shobhnaben Vala and the Home Science Department organised activities through which students were encouraged to appreciate and preserve traditional values. The organisers emphasised the importance of mutual cooperation, cultural awareness, and collective participation.

The event was coordinated by Prof. Ambiben Pathiyar. Faculty members, including Miss. Riddhiben Odedra, Miss, Geetaben Modhwadia, and other members of the college community, contributed to the successful organisation of the programme.

The celebration concluded with the distribution of Mataji's prasad and the expression of gratitude to everyone who contributed to the event's success.

ARS Nagar

# ગુરુકુળ મહિલા કોલેજમાં નવરાત્રિ મહોત્સવની રંગત

## બેસ્ટ પ્લેયર અને બેસ્ટ અટાયર સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ઝળકાવી પ્રતિભા





તસવીર- રાજવીરસિંહ ચૌહાણ





પોરબંદર(ખબર)

ગુરૂકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવાના હેતુથી ગીત, સંગીત અને નૃત્યધારા અંતર્ગત નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રાચાર્ય ડૉ. અનુપમ નાગર, ઉપાચાર્ય પ્રો. રોહિણીબા જાડેજા તથા ગીત, સંગીત અને નૃત્યધારાનાં અધ્યક્ષા ડૉ. શાંતિબેન મોઢવાડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ મહોત્સવમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત મા જગદંબાની પૂજા-આરાધના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. શાંતિબેન મોઢવાડિયાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. પરંપરાગત ચણિયાચોળીમાં સજ્જ વિદ્યાર્થીનીઓએ ગરબા અને રાસની રમઝટ બોલાવી હતી, જેના કારણે કોલેજ પરિસર ભક્તિ અને ઉત્સાહથી ગુંજી ઊઠ્યું હતું.

મહોત્સવ અંતર્ગત 'બેસ્ટ પ્લેયર' અને 'બેસ્ટ અટાયર' એમ બે સ્પર્ધાઓ યોજાઈ હતી. બેસ્ટ પ્લેયર સ્પર્ધામાં પ્રથમ ક્રમે પૂજા ભુપતભાઈ કોડિયાતર, દ્વિતીય ક્રમે શ્રદ્ધા દિલીપભાઈ ઠાકી અને તૃતીય ક્રમે જ્યોતિ જાદવ વિજેતા બન્યાં હતાં. જ્યારે બેસ્ટ અટાયર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કૃપા હિતેશભાઈ બગીયા, દ્વિતીય ક્રમે અર્ચના ભાવેશભાઈ સિદ્ધપુરા અને તૃતીય ક્રમે આનંદી રાજુભાઈ ઘાયલ વિજેતા બન્યાં હતાં. વિજેતાઓને ચેક પુરસ્કાર અને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રો. નિમિષાબેન પંડિત અને પ્રો. કિરણબેન ઓડેદરાએ ફરજ બજાવી હતી.

### સંસ્કૃતિના જતન સાથે સહકારની ભાવનાનો સંદેશ

પ્રો. શોભનાબેન વાળા અને હોમ સાયન્સ વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા માતાજીની માંડવીનું શણગાર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ડૉ. કેતકીબેન પંડ્યાએ આભારવિધિ કરી હતી. તેમણે આવા સાંસ્કૃતિક આયોજનો વિદ્યાર્થીનીઓમાં પરંપરાના જતન સાથે પરસ્પર સહકાર, ભાઈચારો અને સંગઠનની ભાવનાને મજબૂત બનાવે છે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રો. અમીબેન પરિયારે કર્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા ગીત, સંગીત અને નૃત્યધારાની સમિતિ ઉપરાંત કુ. રિદ્ધિ ઓડેદરા, કુ. ગીતા મોઢવાડિયા, કુ. માયા રાઠોડ, મીડિયા મેનેજર કુ. રિદ્ધિશા બુદ્ધદેવવાળા અને સેજલ ગોરાણિયાએ જહેમત ઉઠાવી હતી. અંતે માતાજીની સ્તુતિ અને પ્રસાદ વિતરણ સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

ARS Nagar